# ભારત સરકારની લઘુમતી વિદ્યાર્થીઓ માટેની શિષ્યવૃત્તિ યોજનાઓ

(૧) પ્રિ - મેટ્રીક (સંપૂર્ણ ONLINE)
(૨) પોસ્ટ મેટ્રીક (સંપુર્ણ ONLINE)
(3) મેરીટ કમ મીન્સ (સંપૂર્ણ ONLINE)

www.scholarships.gov.in

**National Scholarship Portal**

Government of India

## યોજનાની શરતો

(1) ભારતમાં અભ્યાસ કરતાં (માન્ય સંસ્થામાં) ઉપર જણાવેલ ધાર્મિક લઘુમતીના વિદ્યાર્થીઓને જ આ શિષ્યવૃત્તિ મળવાપાત્ર છે.

(૨) વિદ્યાર્થીએ છેલ્લી વાર્ષિક પરીક્ષામાં ૫૦% થી ઓછા ગુણ મેળવેલ ન હોવા જોઈએ. (Covid-19 વાઇરસની પરીસ્થિતીએ જો કોઇ શાળાઓએ Mass Promotion આપેલ હોય તો તેવી શાળાઓના વિદ્યાર્થીઓએ તેમને સંલગ્ન શાળાઓમાંથી Percentage ના સ્વરૂપમાં Result મેળવી Form ભરવાનુ રહેશે.)

(૩) વિદ્યાર્થીઓની પસંદગી ચુસ્ત રીતે ગુણવત્તાના ધોરણે જ કરવામાં આવશે. ભારત સરકાર દ્વારા નવા(FRESH) અરજીઓ માટે ફાળવવામાં લક્ષ્યાંક મુજબ મેરીટના ધોરણે ઓટોમેટીક SOFTWARE દ્વારા મેરીટ જનરેટ કરવામાં આવશે.

(૪) અન્ય શિષ્યવૃત્તિ યોજનાનો લાભ મેળવેલ વિદ્યાર્થીને આ યોજનાનો લાભ મળી શકશે નહી.

(૫) વિદ્યાર્થીના માતા-પિતા/વાલીની આવકના બધા સાધનોમાંથી મળીને કુટુંબની કુલ વાર્ષિક આવક પ્રિ-મેટ્રિક માં રૂ. ૧.૦૦ લાખથી વધુ ન હોવી જોઈએ, પોસ્ટ-મેટ્રિક માં રૂ. ૨.૦૦ લાખથી વધુ ન હોવી જોઈએ અને મેરીટ કમ મીન્સ માં રૂ. ૨.૫૦ લાખથી વધુ ન હોવી જોઈએ.

(૬) ફોર્મ ભરતી વખતે વિદ્યાર્થીઓ દ્વારા Fee ની વિગત વિધ્યાર્થીઓ દ્વારા ભરવાની રહેતી નથી , તે વિગતો શાળા/કોલેજ/સંસ્થાઓ દ્વારા તેમની Profile માં Update કરેલ Fee ની વિગત ફોર્મ ભરતી વખતે વિદ્યાર્થીઓ દ્વારા પસંદ કરેલ કોર્ષ પ્રમાણે Automatic System દ્વારા લેવામાં આવશે, જેથી વિદ્યાર્થી Online ફોર્મ ભરવાની કાર્યવાહી કરે તે પેહલા જે તે શાળા/કોલેજ/સંસ્થાએ Fee ની વિગત ફરજિયાત Update કરવાની રહેશે.

(૭) ૩૦% શિષ્યવૃત્તિ વિદ્યાર્થીનીઓ (કન્યા) માટે અનામત રહેશે.

# યોજનાની શરતો

(૮) કુટુંબના વધુમાં વધુ બે વિદ્યાર્થીઓને આ શિષ્યવૃત્તિ મળવાપાત્ર રહેશે.

(૯) D.B.T દ્વારા મંજુર વિદ્યાર્થીઓની શિષ્યવૃતિ ભારત સરકારની ગાઇડલાઇન મુજબ આધાર બેઝ પેમેન્ટ દ્વારા સીધી બેંક એકાઉન્ટમાં જમા કરવાની થતી હોવાથી કોઇએ ખોટી વિગત ભરી હશે તો નામંજુર થવાને પાત્ર થશે.

(૧૦) ફોર્મમાં દર્શાવેલ અભ્યાસની માહિતી તથા બેંકની માહિતીમાં એકાઉન્ટ નંબર, IFSC CODE, ખાતેદારના નામમાં જો ક્ષતિ જણાશે તો તેની અરજી રદ પાત્ર ગણાશે.

(૧૧) વિધાર્થીઓ દ્વારા આપેલ બેંક Account શિષ્યવૃત્તિની પ્રક્રિયા દરમ્યાન બેંક ખાતુ Active રાખવાની જવાબદારી તથા મંજુર થયેલ શિષ્યવૃત્તિની રકમ SYSTEM દ્વારા જમા કરાવતી વખતે બેંક Account બંધ માલુમ પડશે તો તેની જવાબદારી જે તે વિધાર્થી/વાલીની રહેશે.

(૧૨) વિદ્યાર્થીઓને National Scholarship Portal માં એક જ વખત અરજી કરવા સુચના આપવામાં આવે છે, એક થી વધુ વખત કરેલી Fresh/Renewal અરજીઓ Portal દ્વારા રદ કરવામાં આવશે.

(૧૩) ભારત સરકારના અલ્પસંખ્યક કાર્યમંત્રાલય નવી દિલ્હી ના આદેશ મુજબ UID/AADHAR ફરજીયાત રાખેલ નથી. ગેજેટ નોટીફિકેશન આધાર એક્ટ,૨૦૧૬ ના સેકશન-૭ મુજબ શિષ્યવૃત્તિ માટેના લાયક અરજીકર્તા દ્વારા આધાર નંબર આપવો જરૂરી છે. પરંતુ જો કોઇ અરજીકર્તાએ આધાર નંબર મેળવવાની પ્રક્રિયા કરેલ ન હોય તો તેવા વિદ્યાર્થીએ પ્રક્રિયા કરી EID મેળવી તેની પાવતી આપવાની રહેશે

## ONLINE અરજીમાં UPLOAD કરવાના થતા આધાર-પુરાવા: -

- ગુજરાત રાજયના નિવાસી હોવા અંગેનું પ્રમાણપત્ર (ડોમીસાઇલ સર્ટીફીકેટ/ રેશન કાર્ડ/ લાઈટ બીલ)
- વિદ્યાર્થીનો તાજેતરનો પાસપોર્ટ સાઇઝનો ફોટોગ્રાફ
- વિદ્યાર્થીના ધાર્મિક લઘુમતી હોવા અંગેનો સક્ષમ અધિકારીનો દાખલો / સ્વપ્રમાણિત નકલ (ફરજીયાત) (ઉપરોકત **WEBSITE** નં-૨ માં આપેલ નમુનાં પ્રમાણે)
- નવા(**FRESH**) અને જુના(**RENEWAL**) વિદ્યાર્થીઓએ છેલ્લે પાસ કરેલ પરીક્ષાની માર્કશીટની નકલ (ફરજીયાત)
- વિદ્યાર્થી જે વર્ષ માટે શિષ્યવૃત્તિની અરજી કરેલ હોય તે વર્ષ માટે ભરેલ ટ્યુશન ફી, પરીક્ષા ફી તથા પ્રવેશ ફી ની પહોંચની ખરી નકલ (ફરજીયાત)
- વિદ્યાર્થીના કુટુંબની વાર્ષિક આવક અંગેનો સક્ષમ અધિકારીનો દાખલો (ફરજીયાત)
- વિદ્યાર્થીની બેન્ક પાસબુકની નકલ. (ફરજીયાત)
- આધાર કાર્ડ / **Enrolment ID** (ફરજીયાત) (**Mandatory**)
- **System Generated Bonafide Certificate** - શાળા/કોલેજ/સંસ્થાઓ દ્વારા સહિ-સિક્કા કરેલું (ફરજીયાત)

# પ્રિ – મેટ્રીક શિષ્યવૃત્તિ

અભ્યાસક્રમ :- ધોરણ ૧ થી ૧૦ ( ONLINE )

પિતા/વાલી ની વાર્ષિક આવક:- રૂ. ૧.૦૦ લાખ

**ફ્રેશ-રીન્યુઅલ ફોર્મ ભરવાની છેલ્લી તારીખ :- ૧૫-૧૧-૨૦૨૧**

# પ્રિ – મેટ્રીક શિષ્યવૃત્તિ

આ **પ્રિ – મેટ્રીક શિષ્યવૃત્તિ** યોજનાના અરજીકર્તાઓએ વેબસાઇટ પર સાધનિક પુરાવા **UPLOAD** કરવાના રહેશે નહિ.પરંતુ **System** દ્વારા **Generated Bonafide Certificate** તમામ વિદ્યાર્થીઓએ ફરજીયાત **UPLOAD** કરવાનું રહેશે તથા તેવા વિદ્યાર્થીઓએ અરજીની હાર્ડકોપી સાધનિક પુરાવા સહિત વિદ્યાર્થી પોતે અભ્યાસ કરતા હોય તે પ્રાથમિક/ માધ્યમિક શાળામાં જમા કરવાની રહેશે. તે હાર્ડકોપી શાળાએ પોતાની કરવાની થતી **ONLINE** કામગીરી કરી શાળામાં રેકર્ડ માટે રાખવાની રહેશે તથા કોઇ હાર્ડકોપી જિલ્લા કચેરી કે ગાંધીનગર કચેરીએ મોકલવાની રહેતી નથી. વિદ્યાર્થીઓને **ONLINE** ફોર્મ ભરવામાં મદદરૂપ થઈ શકે તેવા **FAQs WEBSITE** પર **UPLOAD** કરેલ છે

# પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ

**અભ્યાસક્રમ :-**

ધોરણ ૧૧ અને ૧૨, તકનીકી અને વ્યવસાયિક (આઇ.ટી.આઇ.), ડીપ્લોમા (ડીપ્લોમા/ જનરલ નર્સિંગ/ પી.ટી.સી./ ડીપ્લોમા ફાર્મસી, પોલીટેકનિક (પોલીટેકનિકના તમામ અભ્યાસક્રમો), રીસર્ચ (રૂરલ ડેવેલપમેન્ટ/ પી.એચ.ડી/ એમ.ફીલ.), સ્નાતક અને અનુસ્નાતકકક્ષાના અભ્યાસક્રમો (આર્ટસ/ કોમર્સ/ સાયન્સ/ બી.એ./ બી.બી.એ./ બી.સી.એ./ બી.કોમ./ બી.એસ.સી./ બી.એડ./ એમ.એ./ એમ.કોમ./ એમ.એસ.સી./ એમ.એડ/ એમ.. એસ.સી.આઇ.ટી./ આઇ.એ./ આઇ.કોમ./ આઇ.એસ.સી.

પિતા/વાલી ની વાર્ષિક આવક:- રૂ. ૨.00 લાખ

**ફોર્મ ભરવાની છેલ્લી તારીખ :-**

ફ્રેશ-રીન્યુઅલ ધો. ૧૧ અને ૧૨:- 30-૧૧-૨0૨૧
ફ્રેશ-રીન્યુઅલ ધો. ૧૧-૧૨ સિવાયના વિદ્યાર્થી માટે:- 30-૧૧-૨0૨૧

# પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ

આ **પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ** યોજનાના અરજીકર્તાઓએ વેબસાઇટ પર સાધનિક પુરાવા **UPLOAD** કરવાના રહેશે નહિ,પરંતુ **System** દ્વારા **Generated Bonafide Certificate** તમામ વિદ્યાર્થીઓએ ફરજીયાત **UPLOAD** કરવાનું રહેશે તથા તેવા વિદ્યાર્થીઓ એ અરજીની હાર્ડકોપી સાધનિક પુરાવા સહિત વિદ્યાર્થી પોતે અભ્યાસ કરતા હોય તે કોલેજ / સંસ્થામાં જમા કરવાની રહેશે. તે હાર્ડકોપી સંસ્થાએ પોતાની કરવાની થતી **ONLINE** કામગીરી કરી સંસ્થામાં રેકર્ડ માટે રાખવાની રહેશે તથા કોઇ હાર્ડકોપી જિલ્લા કચેરી કે ગાંધીનગર કચેરીએ મોકલવાની રહેતી નથી. વિદ્યાર્થીઓને **ONLINE** ફોર્મ ભરવામાં મદદરૂપ થઈ શકે તેવા **FAQs WEBSITE** પર **UPLOAD** કરેલ છે

# મેરીટ કમ મીન્સ શિષ્યવૃત્તિ

**અભ્યાસક્રમ :-**

એન્જીનીયરીંગ અને ટેક્નોલોજી કોર્ષ (બી.ટેક., એમ.ટેક., બી.ઇ.), સિમેન્ટ ટેક્નોલોજી, મેડીકલ એન્ડ પેરા મેડીકલ કોર્ષ, ફેશન ટેકનોલોજી (નેશનલ ઇન્સ્ટીટ્યુટ ઓફ ફેશન ટેકનોલોજી), મેનેજમેન્ટ (પોસ્ટ ગ્રેજ્યુએટ) , ફાર્મસી (બી.ફાર્મ/ એમ.ફાર્મ), આર્કીટેક્ચર એન્ડ ટાઉનપ્લાનીંગ, હોટલ મેનેજમેન્ટ એન્ડ કેટરીંગ ટેક્નોલોજી, એપ્લાઇડ આર્ટસ એન્ડ ક્રાફ્ટ, માસ્ટર ઇન કોમ્પ્યુટર એપ્લીકેશન (એમ.સી.એ.), ડીઝાઇન, વેટરનીટી સાયન્સ એન્ડ એનીમલ હસ્બેન્ડરી, ચાર્ટડ એકાઉન્ટન્સી/ ઇન્સ્ટીટ્યુટ ઓફ કોસ્ટ એન્ડ વર્ક એકાઉન્ટન્સી/ કંપની સેક્રેટરી, કાયદાકીય અભ્યાસક્રમ.

પિતા/વાલી ની વાર્ષિક આવક:- રૂ. ૨.૫૦ લાખ

**ફ્રેશ-રીન્યુઅલ ફોર્મ ભરવાની છેલ્લી તારીખ :- ૩૦-૧૧-૨૦૨૧**

# મેરીટ કમ મીન્સ શિષ્યવૃત્તિ

ભારત સરકારના અલ્પસંખ્યક કાર્યમંત્રાલય નવી દિલ્હી દ્વારા પસંદ કરાયેલ ભારતની આઇ.આઇ.ટી અને આઇ.આઇ.એમ કક્ષાની કુલ ૮૫ લિસ્ટેડ સંસ્થાઓમાં ભણતા વિદ્યાર્થીઓ ને સંપૂર્ણ કોર્ષ ફી ની ચુકવણી કરવામાં આવે છે. તો તે સંસ્થાઓ પૈકી સંસ્થામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ કે જેઓને રૂ. ૫૦,૦૦૦/- થી વધુ શિષ્યવૃત્તિ મળવાની હોય (ભારત સરકાર દ્વારા નક્કી કરેલ **85 institute** માંથી અભ્યાસ કરતા હોય તેવા વિદ્યાર્થીઓ) તેઓએ **ONLINE** અરજી ફોર્મ ભરતી વખતે નીચે દર્શાવેલ સાધનિક પુરાવા **SCAN** કરાવી વેબસાઇટ પર **UPLOAD** કરાવવાના રહેશે. વિધાર્થીઓએ તમામ સાધનિક પુરાવાની દરેકની અલગ અલગ **SCAN** કરાવેલ ***.png, *.jpg, *.jpeg, *.tiff, *.gif** ફાઈલ **WEBSITE** માં સુચવ્યા મુજબ જરૂરી સ્થાને **UPLOAD** કરવાની રહેશે. **SCAN** કરેલ ફાઇલની **SIZE** ૧૦૦ **KB** કરતા વધારે ન હોવી જોઇએ. તથા આવા વિધાર્થીઓએ પોતાની અરજીની હાર્ડકોપી કોલેજ/સંસ્થા મારફતે અત્રેની કચેરી નિયામક/ વિકસતી જાતિ કલ્યાણ બ્લોક નં-૪/૩, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર ખાતે મોકલી આપવાની રહેશે.

આ યોજનામાં જે વિધાર્થીઓને રૂ. ૫૦,૦૦૦/- કરતા ઓછી શિષ્યવૃત્તિ મળવાની હોય તેવા વિધાર્થીઓએ વેબસાઇટ પર સાધનિક પુરાવા **UPLOAD** કરવાના રહેશે નહિ, પરંતુ **System** દ્વારા **Generated Bonafide Certificate** તમામ વિદ્યાર્થીઓએ ફરજીયાત **UPLOAD** કરવાનું રહેશે તથા તેવા વિદ્યાર્થીઓ એ અરજીની હાર્ડકોપી સાધનિક પુરાવા સહિત વિદ્યાર્થી પોતે અભ્યાસ કરતા હોય તે કોલેજ / સંસ્થામાં જમા કરવાની રહેશે. તે હાર્ડ્કોપી સંસ્થાએ પોતાની કરવાની થતી **ONLINE** કામગીરી કરી સંસ્થામાં રેકર્ડ માટે રાખવાની રહેશે તથા કોઇ હાર્ડ્કોપી જિલ્લા કચેરી કે ગાંધીનગર કચેરીએ મોકલવાની રહેતી નથી. વિદ્યાર્થીઓને **ONLINE** ફોર્મ ભરવામાં મદદરૂપ થઈ શકે તેવા **FAQs WEBSITE** પર **UPLOAD** કરેલ છે.

# Workflow

## પ્રિ-મેટ્રીક

વિદ્યાર્થી → પ્રાથમિક/માધ્યમિક શાળા (૧ થી ૧૦)→ રાજ્ય → કેન્દ્ર

---

## પોસ્ટ મેટ્રીક

વિદ્યાર્થી → માધ્યમિક શાળા (૧૧,૧૨) કોલેજ/સંસ્થા → રાજ્ય → કેન્દ્ર

---

## મેરીટ કમ મીન્સ

વિદ્યાર્થી → કોલેજ/સંસ્થા → રાજ્ય → કેન્દ્ર

# ૨૦૨૧-૨૨ માટે વિદ્યાર્થીઓ અને શાળા/કોલેજ/સંસ્થા ની સમયમર્યાદા

| યોજનાનું નામ | વિદ્યાર્થીઓએ નવા (FRESH) / જુના (RENEWAL) અરજી ONLINE કરવાની છેલ્લી તારીખ | શાળા/કોલેજ/સંસ્થાઓએ નવા(FRESH) / જુના(RENEWAL) અરજીઓને ONLINE Verification કરવાની છેલ્લી તારીખ |
|---|---|---|
| પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના | ૧૫/૧૧/૨૦૨૧ | ૧૫/૧૨/૨૦૨૧ |
| પોસ્ટ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના | ૩૦/૧૧/૨૦૨૧ | ૧૫/૧૨/૨૦૨૧ |
| મેરીટ કમ મીન્સ-શિષ્યવૃત્તિ યોજના | ૩૦/૧૧/૨૦૨૧ | ૧૫/૧૨/૨૦૨૧ |

# Time Line For the Year 2021-22

| Activities | PRE MATRIC | POST MATRIC | MERIT CUM MEANS |
| --- | --- | --- | --- |
| Last Date for students Fresh & Renewal | $15^{th}$ November 2021 | $30^{th}$ November 2021 | $30^{th}$ November 2021 |
| Last Date for School/college Verification/Defect Application verification Fresh & Renewal | $15^{th}$ December 2021 | $15^{th}$ December 2021 | $15^{th}$ December 2021 |

ઉપરોક્ત યોજનાઓ કે NSP Portal સંબધિત કોઇ પણ પ્રકારની મુશ્કેલી હોય તો જિલ્લા તેમજ શાળા/કોલેજ/સંસ્થાઓ

ddcw-minority@gujarat.gov.in

પર E-Mail કરી શકે છે.